* B B C - 1 9 0 8 0 0 0 1 0 1 0 3 0 0 *

**BBC-19080001010300** Seat No. ______

# B. Com. (Sem. I) (CBCS) (W.E.F. 2019) Examination

**July - 2021**

## Financial Accounting - I
## (New Course)

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) બધા જ પ્રશ્નોના ગુણ સરખા છે.

(2) કોઈ પણ ચાર (૦૪) પ્રશ્નોના ઉત્તર આપો.

1 દિયા અને દર્શનની પેઢીએ તા. 1-7-2020ના રોજ મેસર્સ પ્રીતિ અને પ્રાથનાની પેઢી સાથે સંયોજનનો કરાર કરે છે. દિયા અને દર્શન અનુક્રમે 3 : 2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. તે તારીખે દિયા અને દર્શનની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે : **17.5**

***દિયા અને દર્શનની પેઢીનું પાકું સરવૈયું***

| ***જવાબદારીઓ*** | | ***રકમ (રૂ.)*** | ***મિલકતો*** | ***રકમ (રૂ.)*** |
|---|---|---|---|---|
| મૂડી ખાતા : | | | મકાનો | 67,500 |
| દિયા : | 90,000 | 1,20,000 | ફર્નિચર | 7,500 |
| દર્શન : | 30,000 | | રોકાણો | 15,000 |
| અનામત ભંડોળ | | 12,500 | સ્ટૉક | 75,000 |
| લેણદારો | | 1,42,500 | દેવાદારો | 1,12,500 |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | | 10,000 | હાથ પર રોકડ | 7,500 |
| | | ***2,85,000*** | | ***2,85,000*** |

સંયોજનની શરતો નીચે પ્રમાણે છે :

1 મકાન અને ફર્નિચરની કિંમતમાં 20% વધારો કરવો.

2 સ્ટૉકની કિંમત રૂ. 69,750 ગણવી.

3 પાઘડીની કિંમત રૂ. 12,500 ગણવી.

4 દેવાદારો પર ઘાલખાદ અનામત 2% જેટલી રાખવી.

5 રોકાણો નવી પેઢીએ લેવા નહીં.

દિયા અને દર્શનની પેઢીના ચોપડા બંધ કરવા આમનોંધ લખો અને જરૂરી ખાતા તૈયાર કરો.

2 વિરાટ-રોહીત અને રાહુલ-રિષભની ભાગીદારી પેઢીઓ એક જ પ્રકારનો ધંધો કરતી હતી. તા. 31-03-2020ના રોજ પેઢીઓનું સંયોજન કરવાનું નક્કી કર્યું. તે દિવસે તેમના પાકાં સરવૈયા નીચે મુજબ હતા : **17.5**

| *જવાબદારીઓ* | *વિરાટ-રોહીત રકમ (રૂ.)* | *રાહુલ-રિષભ રકમ (રૂ.)* | *મિલકતો* | *વિરાટ-રોહીત રકમ (રૂ.)* | *રાહુલ-રિષભ રકમ (રૂ.)* |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતા : | | | પ્લાન્ટ-યંત્ર | 14,000 | 13,400 |
| વિરાટ | 20,000 | | સ્કુટર | 1,600 | 3,000 |
| રોહીત | 16,400 | | સ્ટૉક | 11,000 | 13,000 |
| રાહુલ | | 24,000 | રોકાણો | 3,200 | - |
| રિષભ | | 16,000 | દેવાદારો | 12,400 | 14,200 |
| ચાલુ ખાતા : | – | – | બૅન્ક સિલક | 8,200 | 6,400 |
| વિરાટ | 2,000 | | | | |
| રોહીત | 1,200 | | | | |
| લેણદારો | 10,800 | 10,000 | | | |
| | ***50,400*** | ***50,000*** | | ***50,400*** | ***50,000*** |

વિરાટ-રોહીત 3 : 2 ના પ્રમાણમાં જ્યારે રાહુલ-રિષભ સરખે ભાગે નફો-નુકસાન વહેંચતા હતા.

***સંયોજનની શરતો નીચે પ્રમાણે છે :***

1 વિરાટ-રોહીતની પાઘડી રૂ. 8,000 અને રાહુલ-રિષભની પાઘડી રૂ. 6,000 ગણવી.

2 બન્ને પેઢીના દેવાદારોમાં 5% ઘટાડો કરવો.

3 બન્ને પેઢીનો સ્ટૉક 10% વટાવે લેવો.

4 બન્ને પેઢીના લેણદારો 3% વટાવે લેવા.

5 રોકાણોની કિંમત રૂ. 4,796 ગણવી.

6 અન્ય મિલકતો ચોપડે કિંમતે લેવી.

ઉપરની માહિતી પરથી બન્ને જૂની પેઢીઓના ચોપડે નફા-નુકસાન હવાલા ખાતું તથા ભાગીદારોનાં મૂડી ખાતા તૈયાર કરો તથા નવી પેઢીના ચોપડે આમનોંધ લખો.

3 સુરતના રાજુએ ભરૂચના કમલેશને રૂ. 800ના એક એવા 500 ટેબલ ભરતિયા કિંમત પર 20% નફો મળે તે રીતે ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલ્યા. રાજુએ વીમો રૂ. 6,000, નૂર રૂ. 7,000 ચૂકવ્યા. રાજુએ કમલેશ પર રૂ. 2,00,000ની 3 માસની મુદતની હૂંડી લખી. જે કમલેશે સ્વીકારી પરત કરી. **17.5**

રાજુએ આ હૂંડી 1 માસ બાદ 6%ના દરે વટાવી. કમલેશને કુલ વેચાણ પર 7% આડત અને ઉધાર વેચાણ પર 2% આસામી આડત આપવાની છે. કમલેશે ભાડું રૂ. 500, વીમો રૂ. 2,500 અને જાહેરાત ખર્ચ રૂ. 500 ચૂકવ્યા. કમલેશના ગોડાઉનમાં આગ લાગવાથી 50 ટેબલો નાશ પામ્યા. વીમા કંપનીએ રૂ. 30,000નો દાવો મંજૂર કર્યો.

કમલેશે 300 ટેબલો રૂ. 1,200ના એક લેખે રોકડેથી અને 100 ટેબલો રૂ. 1,300ના એક લેખે ઉધાર રેવાને વેચ્યા.

રાજુના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો.

4 માલધણી મનોજ તેના આડતિયા યોગેશને રૂ. 40,000ની મૂળકિંમતનો માલ તેના પર 60% નફો ચઢાવીને આડતથી વેચવા મોકલ્યો. કુલ વેચાણ પર 10% અને ઉધાર વેચાણ પર 5% આસામી આડત આપવાની છે. 17.5

વેચાણ આંકડા મુજબ રોકડ વેચાણ રૂ. 18,000 અને ઉધાર વેચાણ રૂ. 30,000 છે. આડતિયાએ રોકડ વેચાણ અંગે પોતાના તરફથી રૂ. 500 વટાવ આપેલ છે. ઉધાર વેચાણ પૈકી રૂ. 1,000ની ઘાલખાદ પડે છે. તે સિવાયની બધી જ રકમ વસૂલ થાય છે.

મનોજે નૂર અને વીમાના રૂ. 2,000 તથા યોગેશે જાહેરાત ખર્ચના રૂ. 1,000 ચૂકવેલ છે. આડતિયાએ માલધણીને બાકીની રકમ બૅન્ક ડ્રાફ્ટથી ચૂકવી આપેલ છે.

નીચે જણાવેલ ખાતાઓ તૈયાર કરો :

***મનોજના ચોપડે :***

1 આડત માલનું ખાતું 2 યોગેશનું ખાતું

***યોગેશના ચોપડે :***

1 મનોજનું ખાતું 2 આડત ખાતું

5 રીના અને રોશની એક સહિયારા વેપારમાં સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચવાની શરતે જોડાયા. સંયુક્ત વેપારમાં નીચે મુજબના વ્યવહારો થયા : 17.5

(A) રીનાએ રૂ. 85,000નો માલ ખરીદ્યો અને રૂ. 20,000નો માલ પોતાના સ્ટૉકમાંથી આપ્યો અને ખર્ચના રૂ. 6,250 ચૂકવ્યા.

(B) રોશનીએ રૂ. 30,000નો માલ પોતાના સ્ટૉકમાંથી આપ્યો અને રૂ. 15,000નો માલ ખરીદ્યો અને ખર્ચના રૂ. 3,750 ચૂકવ્યા.

(C) રોશનીએ કેટલોક માલ રૂ. 1,00,000માં વેચ્યો અને રૂ. 6,250 ખર્ચના ચૂકવ્યા.

(D) રીનાએ બાકીનો બધો જ માલ રૂ. 1,40,000માં વેચ્યો અને રૂ. 3,750 ખર્ચના ચૂકવ્યા.

***તૈયાર કરો :***

1 રીનાના ચોપડામાં :

- રાશ ખાતું અને રોશનીનું ખાતું.

2 રોશનીના ચોપડામાં :

- રાશ ખાતું અને રીનાનું ખાતું.

6 કપિલ, રાજેશ અને જગદીશ એક કંપનીના બાંધકામ માટે સંમત થયા. તેઓએ નફો-નુકસાન અનુક્રમે 3 : 2 : 1ના પ્રમાણમાં વહેંચવાનું નક્કી કર્યું. તેઓએ તેમના સંયુક્ત બૅન્ક ખાતામાં રૂ. 2,70,000 તેમના નફા-નુકસાનના પ્રમાણમાં જમા કરાવ્યા. સંયુક્ત બૅન્ક ખાતામાંથી નીચે પ્રમાણે ખર્ચના ચૂકવેલ હતા : 17.5

મજૂરી .............રૂ. 1,95,000

માલસામાન......રૂ. 3,05,000

પ્લાન્ટ ................રૂ. 20,000

આર્કિટેક ફીના રૂ. 15,000 કપિલે ચૂકવેલ છે. રૂ. 27,500ની મિક્ષ્ચર મશીન રાજેશ લાવેલ છે. જ્યારે રૂ. 20,000નું વાહન જગદીશ લાવેલ છે.

પૂરા થયેલ કામને અંતે વધેલ માલનો સ્ટૉક કપિલ રૂ. 12,500ની કિંમતે લઈ જાય છે. મિક્ષ્ચર મશીન રાજેશ રૂ. 10,000ની કિંમતે અને રૂ. 15,000ની કિંમતે વાહન જગદીશ લઈ જાય છે.

પ્લાન્ટના રૂ. 5,000 ઉપજ્યા.

રૂ. 4,50,000 (કરાર કિંમતના 75% મુજબ) બૅન્ક ડ્રાફ્ટ સ્વરૂપે અને બાકીની રકમ ડિબેન્ચર્સ સ્વરૂપે મળી હતી. ડિબેન્ચર્સ 20% ઓછી કિંમતે કપિલ ખરીદી લે છે.

ભાગીદારો વચ્ચે હિસાબની પતાવટ થઈ ગયેલ છે તેમ ધારી પેઢીના ચોપડે સંયુક્ત રાશ ખાતું, ભાગીદારોના મૂડી ખાતા અને સંયુક્ત બૅન્ક ખાતું તૈયાર કરો.

7 સાગર, ગાગર અને ગગન એક પેઢીના અનુક્રમે 3 : 2 : 1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમણે તા. 5-1-2018ના રોજ રૂ. 5,00,000ની સંયુક્ત જીવનવીમા પોલીસી લીધી. તેનું વાર્ષિક પ્રીમિયમ રૂ. 20,000 છે. હિસાબી વર્ષ 31 ડિસેમ્બરના રોજ પૂરું થાય છે. તા. 10-1-2021ના રોજ ગગનનું અવસાન થાય છે અને તે દિવસે વીમા પોલીસીની રકમ મળી ગઈ. પેઢીના ચોપડે પોલીસી ખાતું શરણમૂલ્ય કિંમતે દર્શાવવામાં આવે છે અને એટલી જ રકમની અનામતની વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસીનું શરણમૂલ્ય નીચે મુજબ છે : **17.5**

વર્ષ 2018........................ રૂ. શૂન્ય

વર્ષ 2019..................... રૂ. 6,000

વર્ષ 2020................... રૂ. 10,000

પેઢીના ચોપડે સંયુક્ત જીવનવીમા પોલીસી ખાતું અને સંયુક્ત જીવનવીમા પોલીસી અનામત ખાતું તૈયાર કરો.

8 મન, મીત અને માનવ એક પઢીના અનુક્રમે 2 : 1 : 1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો હતાં. તેઓએ તા. 1-4-2017ના રોજ રૂ. 1,80,000ની સંયુક્ત જીવનવીમા પોલીસી કે જેનું વાર્ષિક પ્રીમિયમ રૂ. 12,000 હતું તે લીધી. પેઢીનું હિસાબી વર્ષ દર વર્ષે 31 માર્ચના રોજ પૂરું થાય છે. **17.5**

મીત તા. 31-5-2020ના રોજ અવસાન પામ્યો. વીમા કંપની તરફથી પોલીસીની રકમ રૂ. 30,000ના બોનસ સાથે તા. 30-06-2020ના રોજ પેઢીને ચૂકવવામાં આવી. પોલીસીનું શરણમૂલ્ય નીચે મુજબ હતું :

તા. 31-03-2018 ...................... રૂ. શૂન્ય

તા. 31-03-2019 ...................રૂ. 4,800

તા. 31-03-2020 .................રૂ. 10,400

પેઢીના ચોપડે પોલીસી ખાતું શરણમૂલ્ય કિંમતે દર્શાવવામાં આવે છે.

પેઢીના ચોપડે ઉપરના વ્યવહારોની આમનોંધ લખો અને સંયુક્ત જીવનવીમા પોલીસી ખાતું તૈયાર કરો.

## ENGLISH VERSION

**Instructions :** (1) All questions carry equal marks.
(2) Attempt any five questions.

1 The firm of Diya and Darshan made a contract of amalgamate to firm of M/S Priti and Prathna as on 1-7-2020. Diya and Darshan share a profit-loss in the ratio of 3 : 2. On that date the Balance Sheet of Diya and Darshan's firm as follow : **17.5**

**Balance Sheet of Diya and Darshan's Firm**

| *Liabilities* | *Amount (Rs.)* | *Assets* | *Amount (Rs.)* |
|---|---|---|---|
| Capital A/C : | | Buildings | 67,500 |
| Diya : 90,000 | 1,20,000 | Furniture | 7,500 |
| Darshan : 30,000 | | Investments | 15,000 |
| Reserve Fund | 12,500 | Stock | 75,000 |
| Creditors | 1,42,500 | Debtors | 1,12,500 |
| Bank Overdraft | 10,000 | Cash on hand | 7,500 |
| | ***2,85,000*** | | ***2,85,000*** |

The terms of amalgamation were as under :

1 Buildings and furniture price to be raised by 20%.
2 Stock to be valued at Rs. 69,750.
3 Goodwill to be valued at Rs. 12,500.
4 Bad debts reserve to be provided at 2% on debtors.
5 The new firm not to take over investments.

Write journal entries to close the books of Diya and Darshan's firm and prepare necessary accounts.

2 The partnership firms of Virat-Rohit and Rahul-Rishabh were engaged in the same business. On the date 31-03-2020 they decided to amalgamate the firms. On the same day their Balance Sheets were as follow : **17.5**

| *Liabilities* | *Virat-Rohit Amount (Rs.)* | *Rahul-Rishabh Amount (Rs.)* | *Assets* | *Virat-Rohit Amount (Rs.)* | *Rahul-Rishabh Amount (Rs.)* |
|---|---|---|---|---|---|
| Capital A/C : | | | Plant-Machinery | 14,000 | 13,400 |
| Virat | 20,000 | | | | |
| Rohit | 16,400 | | Scooter | 1,600 | 3,000 |
| Rahul | | 24,000 | Stock | 11,000 | 13,000 |
| Rishabh | | 16,000 | Investments | 3,200 | - |
| Current A/C : | | | Debtors | 12,400 | 14,200 |
| Virat | 2,000 | | Bank Balance | 8,200 | 6,400 |
| Rohit | 1,200 | | | | |
| Creditors | 10,800 | 10,000 | | | |
| | ***50,400*** | ***50,000*** | | ***50,400*** | ***50,000*** |

Virat-Rohit was sharing profit-loss in the ratio of 3 : 2 and Rahul-Rishabh were sharing profit-loss equally.

The terms of amalgamation were as under :

1 Goodwill of Virat-Rohit is valued at Rs. 8,000 and Goodwill of Rahul-Rishabh is valued at Rs. 6,000.

2 The debtors of both the firm will be reducing by 5%.

3 The stock of both the firms will be taken at 10% discount.

4 The creditors of both the firms will be taken at 3% discount.

5 Investments are valued at Rs. 4,796.

6 The remaining assets are to be taken at book value.

From the above information prepare Profit and Loss Adjustment Account and Capital Accounts in both the old firms and write journal entries in the books of new firm.

3 Raju of Surat sent 500 tables each of Rs. 800 to Kamlesh of Bharuch for consignment on get the profit at 20% on invoice price. Raju paid Insurance of Rs. 6,000 and freight of Rs. 7,000. Raju drew a bill of worth Rs. 2,00,000 having maturity period 3 months, which was accepted by Kamlesh and return. **17.5**

The bill discounted by Raju at 6% after 1 month. Kamlesh is entitled to get 7% commission on total sales and 2% del credere commission on credit sales. Kamlesh paid Rent of Rs. 500, Insurance Rs. 2,500 and advertisement exp. Rs. 500. Because of fire in the godown of Kamlesh 50 tables were destroyed. Insurance company accepted the claim for Rs. 30,000.

Kamlesh sold 300 tables at each of Rs. 1200 by cash and 100 tables at each of Rs. 1300 on credit to Reva. Prepare necessary accounts in the books of Raju.

4 The consignor Manoj sent to his consignee Yogesh goods of the cost of Rs. 40,000 adding 60% profit there on to be sold on Consignment. Commission is payable at 10% on total sales and del credere commission at 5% on credit sales. **17.5**

According to sale note, cash sale was Rs. 18,000 and credit sale amounted to Rs. 30,000. The consignee has granted a discount of Rs. 500 on cash sales from his side. A bad debts of Rs. 1,000 accrued on credit sales, expect this the whole amount was received.

Manoj has paid Rs. 2000 for freight and insurance and Yogesh had paid Rs. 1000 for advertisement expenses. The consignee sent the remaining amount by bank draft to the consignor. Prepare the following Accounts :

***In the books of Manoj :***

1 Consignment Account 2 Yogesh's Account.

***In the books of Yogesh :***

1 Manoj's Account 2 Commission Account.

5 Reena and Roshni entered into joint venture business to share profit-loss equally. The Joint Venture business transactions are following : **17.5**

(A) Reena purchased goods of Rs. 85,000 and supplies goods of Rs. 20,000 from his stock and paid Rs. 6,250 for expenses.

(B) Roshni supplied goods of Rs. 30,000 from his stock and purchased goods of Rs. 15,000 and paid Rs. 3,750 for expenses.

(C) Roshni sold some of goods for Rs. 1,00,000 and paid Rs. 6,250 for expenses.

(D) Reena sold the remaining goods for Rs. 1,40,000 and paid expenses of Rs. 3,750.

***Prepare :***

1 In the books of Reena :
- Joint Venture Account and Roshni's Account.

2 In the books of Roshni :
- Joint Venture Account and Reena's Account.

6 Kapil, Rajesh and Jagdish agreed to construct a building for a company. They decided to share profit-loss in the ratio of 3 : 2 : 1 respectively. They deposited Rs. 2,70,000 in their joint bank account as per their profit-loss ratio. The expenses were paid from the joint bank account as under : **17.5**

Wages .........Rs. 1,95,000
Material .....Rs. 3,05,000
Plant..............Rs. 20,000

Architect fee Rs. 15,000 paid by Kapil. Mixture machine brought by Rajesh of Rs. 27,500, where vehicle brought by Jagdish of Rs. 20,000.

On completion of the work Kapil took away material in stock at Rs. 12,500, Rajesh took away mixture machine at Rs. 10,000 and Jagdish took away vehicle at Rs. 15,000. The Plant realized of Rs. 5,000.

Rs. 4,50,000 (Being 75% amount of contract price) was received in bank draft and debentures were received for the remaining amount. Debentures were purchased by Kapil at 20% less to its face value.

Assume that the accounts of the partners have been settled and prepare a Joint Venture Account, Partners Capital Accounts and Joint Bank Account in the books of firm.

**7** Sagar, Gagar and Gagan are partners sharing profit-loss 3 : 2 : 1 in one firm. They have taken a Joint Life Insurance Policy of Rs. 5,00,000 on Dt. 5-1-2018. Its annual premium is Rs. 20,000. Their accounting year ended on 31$^{st}$ December. Gagan expired on Dt. 10-1-2021 and on that date insurance policy amount was received. In the books of firm policy account shown at surrender value and same amount was arranged as a reserve. Policy surrender value as follow : **17.5**

Year 2018 ................. Rs. Zero
Year 2019 ............... Rs. 6,000
Year 2020 ............. Rs. 10,000

Prepare Joint Life Insurance Policy Account and Joint Life Insurance Policy Reserve Account in the books of firm.

**8** Man, Meet and Manav were partners sharing profit and loss 2 : 1 : 1 in a firm. They assured their joint life policy on 1-4-2017 for Rs. 1,80,000, annual premium of which was Rs. 12,000. **17.5**

The accounting year of the firm ends on 31$^{st}$ March every year.

Meet died on 31-05-2020 and policy money including bonus of Rs. 30,000 was received from insurance company to firm on 30-06-2020. The surrender values of policy were as follow :

Dt. 31-03-2018 ................. Rs. Zero

Dt. 31-03-2019 ................Rs. 4,800

Dt. 31-03-2020 ..............Rs. 10,400

In the books of firm policy account has shown its surrender value.

In the books of firm write journal entries for above transactions and Prepare Joint Life Insurance Policy Account.